# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27/09/2025** **Morning : 7.10 to 7.20**
**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **નિર્મળ ગુજરાત એવોર્ડ્સ" એનાયત કરતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, એવોર્ડ માટે શહેરો વચ્ચે હરીફાઈ થાય તો શહેરનો સારો વિકાસ થાય.**
2. **કાયદા વિભાગ દ્વારા એક હજાર 500થી વધુ નોટરીને નિમણૂંક માટે પ્રોવિઝન લિસ્ટ જાહેર કરાયું.**
3. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે મન કી બાત કાર્યક્રમમાં પોતાના વિચારો રજૂ કરશે**
4. **રાજ્યમાં 30મી સપ્ટેમ્બર સુધી વરસાદની આગાહી.**
5. **એશિયા કપની ફાઇનલમાં આવતીકાલે ભારતનો પાકિસ્તાન સાથે મુકાબલો.**

-----------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# NIRMAL GUJARAT

ગાંધીનગર સ્થિત મહાત્મા મંદિર ખાતે નિર્મળ ગુજરાત એવોર્ડ્સ" એનાયત કરતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું હતું કે એવોર્ડ માટે શહેરો વચ્ચે હરીફાઈ થાય તો જ શહેરોનો વધુ સારો વિકાસ થઈ શકે. તેમણે ઉમેર્યું કે, આત્મનિર્ભર અને સ્વદેશી અભિયાનને સફળ બનાવવા રોજીંદી વપરાશની ચીજ વસ્તુઓ સ્વદેશી હોય તે જરૂરી છે.

મુખ્યમંત્રીના હસ્તે રાજ્યની આઠ મહાનગરપાલિકા તેમજ 16 નગરપાલિકાને "નિર્મળ ગુજરાત એવોર્ડ્સ" એનાયત કરવામાં આવ્યા હતા. અમદાવાદ, ગાંધીનગર અને સુરત સહિતની મહાનગર પાલિકાને અલગ અલગ કેટેગરીમાં એવોર્ડ એનાયત કરાયાં હતાં.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં મહાત્મા મંદિર-ગાંધીનગર ખાતે નિર્મળ ગુજરાત એવોર્ડ વિતરણ સમારોહ તેમજ સ્વચ્છ ભારત મિશનની ચિંતન શિબિર યોજાઈ હતી.

મુખ્યમંત્રીએ સ્વચ્છતા ક્ષેત્રે ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરવા બદલ "નિર્મળ ગુજરાત એવોર્ડ્સ" અને કુલ રૂપિયા 18.5 કરોડની પ્રોત્સાહક રકમ એનાયત કરી હતી. આ ઉપરાંત "મારુ શહેર, મારું ગૌરવ અભિયાન"ના લોગોનું અનાવરણ પણ તેમણે કર્યું હતું.

---

# NOTARY SELECTION

**કાયદા વિભાગ દ્વારા એક હજાર 500થી વધુ નોટરીને નિમણૂંક માટે પ્રોવિઝન લિસ્ટ જાહેર કરવામાં આવ્યું છે. ડૉક્યુમેન્ટ વેરીફિકેશન પ્રક્રિયા બાદ નોટરીના પ્રમાણપત્ર આપવામાં આવશે.**

**એક હજાર 660 જગ્યા માટે આપેલી જાહેરાતની સામે એક હજાર 518 નોટરી પસંદગી પામ્યા છે. કોર્ટ અને ન્યાય વ્યવસ્થાના ડીજીટલાઈઝેશન, માળખાકીય સુવિધાઓમાં વધારા બાદ હવે માનવબળમાં વધારો કરતી એક મહત્વપૂર્ણ સફળતા મળી છે. જેનાથી લોકોને ઘર આંગણે ન્યાય મેળવવા વધું સરળતા રહેશે.**

**આ તમામ નોટરી રાજ્યમાં જોડાતા રાજ્યમાં કાયદાકીય ન્યાય પ્રક્રિયા પ્રક્રિયા વધુ ઝડપી અને સરળ બનશે અને ન્યાયિક વ્યવસ્થાને વેગ મળશે.**

---

# TAPI –UKAI TALUKO

તાપી જિલ્લાના ઉકાઈને અલગ તાલુકો જાહેર કરતાં લોકો એ આનંદ વ્યકત કર્યો. સોનગઢ તાલુકાના 68 ગામ ને હવે નવા ઉકાઈ તાલુકામાં સામેલ કરાશે. વહીવટી કાર્યમાં સરળતાને લઈ લોકો એ હવે દૂર નહીં જવું પડે. સરકારના આ નિર્ણય અંગે ઘોડા ગામનાં સરપંચ જેશના ગામીતે પ્રતિક્રિયા આપી.

(બાઈટ - જેશના ગામીત, સરપંચ)

---

# PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 12 6મી કડી હશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી સમાચાર , દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

---

## WEATHER

હવામાન વિભાગ દ્વારા આગામી બીજી ઓક્ટોબર સુધી રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા વ્યક્ત કરાઈ છે. આજથી 3 0 સપ્ટેમ્બર દરમિયાન રાજ્યમાં ભારે વરસાદની સંભાવના હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

આજે નર્મદા, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, દમણ, દાદરા નગરહવેલીમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની સંભાવના છે.

હવામાન વિભાગના ડાયરેક્ટર ડૉક્ટર એ.કે. દાસના જણાવ્યા અનુસાર, રાજ્યમાં ગાજવીજ સાથે 30 થી 40 કિ.મી.ની ઝડપે પવન ફૂંકાશે. જ્યારે બંગાળની ખાડીમાં વોલમાર્ક લો પ્રેશર સક્રિય થતા રાજ્યમાં વરસાદની વકી જોવા મળશે.

**બાઇટ- ડૉ.એ.કે.દાસ, વડા હવામાન વિભાગ**

ભારે વરસાદની આગાહી વચ્ચે ગઇકાલે રાજ્યમાં નહિવત વરસાદ નોંધાયો હતો ગઇકાલે સવારે છ વાગ્યાથી આજે મળસ્કે ચાર વાગ્યા સુધીમાં રાજ્યના સાત તાલુકાઓમાં વરસાદ વરસ્યો હતો.

---

## NAVRATRI

હવે સાંભળીએ નવરાત્રિના સમાચાર..

(MUSIC)

ભક્તિ અને આરાધનાના પાવન પર્વ શારદીય નવરાત્રિના આજે પાંચમા નોરતે માં દુર્ગાના સ્કંદમાતા સ્વરૂપની પૂજા-અર્ચના કરાય છે.

માના આ સ્વરૂપને ચાર ભુજાઓ છે તેમની જમણી બાજુની ભુજામાં ભગવાન સ્કંદને ખોળે બેસાડયા છે. ગઇકાલ રાતથી આજે વહેલી સવાર સુધી રાજ્યમાં વિવિધ સ્થળોએ રાસ ગરબાની રમજટ જામી હતી. દરમિયાન કચ્છના યાત્રાધામ માતાના મઢ ખાતે લાખો ભાવિકો માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવી રહ્યા છે.

સાંભળીએ એક અહેવાલ...

**(વોઈસ કાસ્ટ :હેમાંગ પટની)**

(MUSIC)

---

## GST PORBANDAR MANDAVIYA

કેન્દ્રીય મંત્રી ડૉક્ટર મનસુખ માંડવીયાએ પોરબંદર શહેરમાં સ્થાનિક વ્યાપારીઓને સ્વદેશીના ઉપયોગ માટે પ્રોત્સાહન આપ્યુ . કેન્દ્રીય મંત્રીએ શહેરના સુતારવાડા વિસ્તારમાં મુલાકાત લઈ સ્થાનિક વ્યવસાયો અને વેપારીઓ સાથે સીધી મુલાકાત કરી હતી.

આ દરમિયાન તેમણે વ્યાપારીઓને સ્વદેશી ઉત્પાદનોનું પ્રોત્સાહન આપવા અને ગ્રાહકોને સ્થાનિક અને આત્મનિર્ભર ઉત્પાદનો તરફ દોરી જાય તેવી કામગીરી કરવા દેશી ઢોલ અને શરણાઈના સૂરે અપીલ કરી હતી.

કેન્દ્રીય મંત્રીએ પોતાના હસ્તે "ગર્વ સે સ્વદેશી" અને જીએસટી રિફોર્મ 2025 સંબંધિત પોસ્ટર લગાવી , જે દ્વારા સ્થાનિકોને સ્વદેશી ઉત્પાદનોના ઉપયોગ અને આત્મનિર્ભર ભારતના નિર્માણમાં યોગદાન આપવા માટે જાગૃત કર્યા હતા.

---

## ANAND ROAD REPAIRING

તૂટેલા માર્ગોને ફરી બનાવવા કરમસદ-આણંદ મહાનગરપાલિકાએ કામગીરી શરૂ કરી દીધી છે. નાગરિકોની સલામતી માટે ભાલેજ રોડ ઓવરબ્રિજથી ગ્રીડ ચોકડી સુધીના નુકસાન પામેલા દોઢ કિલોમીટર આઇકોનિક રોડ ઇજારેદારના સ્વખર્ચે નવેસરથી રોડ બનાવવા તાકીદ કરી છે.

ભાલેજ રોડ બ્રિજ થી મહેન્દ્ર શાહ હોસ્પિટલની ચોકડી સુધીના સૌથી વધારે જર્જરિત ભાગ માં રસ્તાનો જૂનો તમામ ભાગ કટ કરી ત્યારબાદ તેના પર નવેસરથી રોડ બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. વરસાદે વિરામ લેતા આ રોડ ટૂંક સમયમાં નવેસર થી બની જવાના કારણે નગરજનો ને પડતી સમસ્યાનો અંત આવશે,

જ્યારે અમદાવાદના નેશનલ હાઇવે ૪૭ પર માર્ગ મરામતની કામગીરી પ્રગતિમાં છે..નેશનલ હાઇવે ૪૭ પર નારોલ-વિશાલા-સરખેજ માર્ગ પર હોટ મિક્ષ દ્વારા પેચવર્ક થકી માર્ગ મરામત કાર્ય હાથ ધરાયું હતું

---

## MORBI DUBI JAVATHI DEATH

મોરબીના પાનેલી રોડ વિસ્તારમાં પાણી ભરેલા ખાડમાં ડૂબી જવાથી ત્રણ બાળકોના મોત થયા છે. શ્રમિક પરિવારના બાળકો પાણી ભરેલા ખાડા પાસે રમી રહયા હતા . તે દરમિયાન પાણીમાં ડૂબી જવાથી આ બાળકોના મોત થયા છે. ઘટનાની જાણ થતાં તાલુકા પોલીસે ઘટના સ્થળે દોડી આવી હતી.

---

## GANDHINGAR APPOLLO

ગાંધીનગરના અંબાપુર કેનાલ પર હત્યાના આરોપી સાયકો કિલર દ્વારા પોલીસની બંદૂક છીનવીને પોલીસ કર્મચારી ઉપર ફાયરિંગ કરવામાં આવ્યું હતું.

ત્યારે આ ઘટનાની અંદર ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાંચમાં ફરજ બજાવતા એલસીબીના કર્મચારી રાજેન્દ્રસિંહ વાઘેલાને ઈજા થઈ હતી. ઈજાગ્રસ્ત પોલીસ

કર્મચારીને સારવાર માટે એપોલો હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા ત્યાં આગળ ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ પોલીસ કર્મચારીના ખબર અંતર પૂછીને સમગ્ર ઘટનાક્રમ અંગે માહિતી પણ મેળવી હતી. તેઓના પરિવાર સાથે પણ મુલાકાત કરી હતી..

---

## CRICKET

એશિયા કપ T20 ક્રિકેટ ટુર્નામેન્ટની આવતીકાલે ફાઇનલમાં ભારત પાકિસ્તાન સામે ટકરાશે.

દરમ્યાન ગઇકાલે સુપર ફોર તબક્કાની અંતિમ મેચમાં ભારતે શ્રીલંકાને હરાવ્યું. ભારત બાંગ્લાદેશને હરાવીને ટૂર્નામેન્ટની ફાઇનલમાં પહોંચી ગયું હતું. ગઈકાલે દુબઈમાં ટાઈ થયા બાદ ભારતે સુપર ઓવરમાં શ્રીલંકાને હરાવ્યું.

પહેલા બેટિંગ કરતા ભારતે નિર્ધારિત 20 ઓવરમાં પાંચ વિકેટે 202 રન બનાવ્યા. અભિષેક શર્માએ 61 રન બનાવ્યા. 203 રનના લક્ષ્યાંકના જવાબમાં , શ્રીલંકાએ નિર્ધારિત 20 ઓવરમાં 202 રન બનાવી મેચ ટાઇ કરી. પથુમ નિસાન્કાએ સદી ફટકારી હતી.

સુપર ઓવરમાં ભારતના અર્શદીપ સિંહે બે વિકેટ ઝડપી હતી. જવાબમાં , ભારતે પ્રથમ બોલ પર ત્રણ રન બનાવીને મેચ જીતી લીધી.

---

# DANG KHELADI-GOLD MEDAL

નડિયાદ ખાતે યોજાયેલી રાજ્ય કક્ષાની ૬૯મી અખિલ ભારતીય શાળાકીય સ્પર્ધામાં સાપુતારાની શાળાના વિદ્યાર્થી રિંકલ વસાવાએ 800 મીટર દોડમાં સુવર્ણ ચંદ્રક જીત્યો છે. આ સાથે તેણે આ સ્પર્ધમાં રાજ્યમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો છે.

હવે તે હરિયાણા ખાતે યોજાનારી રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં રાજ્યનું પ્રતિનિધિત્વ કરશે.

---